ગુજરાત Abroad

# અનાવિલ સમાજે કરી કેસીનો રામાની ટુર




ટોરન્ટો : અનાવિલ સમાજ ઓફ કેનેડા દ્વારા તા. ચોથી માર્ચે કેસીનો રામા ખાતે એક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સમાજના ૪૯ સભ્યોએ ભારે ઉત્સાહથી ભાગ લીધો હતો. કેસીનો રામા સાથે અગાઉથી ગોઠવણ થયા પ્રમાણે એક લકઝરી બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. ૧૯ વર્ષ કે તેથી વધારે વયના સભ્યો માટેના આ પ્રવાસમાં ઘણા વડીલો જોડાયા હતા. મિસિસાગામાં સ્કવેર વન પાસેથી સૌ સભ્યોને બસ લેવા આવી હતી અને દિવસના અંતે સૌને ફરી ત્યાં જ ઉતારવામાં આવ્યા હતા. જતાં-આવતાં એમ બન્ને વખતે દરેક માટે સંસ્થા તરફથી બોટલનું પાણી, ચ્હા અને કોફીની વ્યવસ્થા પણ કરાઇ હતી. યાત્રાનો મુખ્ય હેતુ આ શિયાળાની ઠંડીમાં બધા સભ્યોને આઠ કલાક સુધી ભેગા કરવાનો હતો. ત્રણ કલાકની બસ યાત્રામાં પણ બધાએ એકબીજાં સાથે અલકમલકની વાતો કરી અને અંતાક્ષરી રમ્યા હતા. કેસીનો રામાના મેનેજમેન્ટ દ્વારા સૌને ફ્રી લંચ પુરો પાડવામાં આવ્યો હતો. અનાવિલ સમાજ ઓફ કેનેડા દ્વારા આયોજિત આ ત્રીજી સફળ યાત્રા હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી મુકેશ દેસાઇએ આગામી ચિલ્ડ્રન્સ પાર્ટીની તારીખ જાહેર કરી હતી. સમાજના ઉપપ્રમુખ ચેતના દેસાઇએ આવા સુંદર કાર્યક્રમનું આયોજન કરવા બદલ બધા કમિટી મેમ્બર્સનો અને કાર્યક્રમમાં જોડાવા બદલ બધા સભ્યોનો આભાર માન્યો હતો. આ ટુરનું સરસ કો-ઓર્ડિનેશન કરવા બદલ શ્રી વિરેન દેસાઇનો પણ બધાએ ખાસ આભાર માન્યો હતો.

